ગુજરાત સેંદ્રિય ખેતી નીતી ૨૦૧૫ અંતગર્ત રાજ્યના ખેડૂતોને સેંદ્રિય ખેતીના પ્રોત્સાહન માટે સહાય પુરી પાડવા અંગેની નવી યોજનાનો વર્ષ ૨૦૧૬-૧૭માં અમલીકરણ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : કસપ-૧૦-૨૦૧૫-૧૨૬૧-ક-૫.
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬/૦૪/૨૦૧૬

વંચાણે લીધા :

(૧) કૃષિ અને સહકાર વિભાગોનો ઠરાવ ક્રમાંક : કઅસ/૧૦૨૦૧૪-૭૧૭-ક-૫, તા: ૧૦/૦૪/૨૦૧૫.
(૨) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક : કસપ-૧૦-૨૦૧૫-૨૦૬-ક-૫, તા. ૨૦/૦૬/૨૦૧૫.
(૩) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક : કસપ/૧૦-૨૦૧૫-૨૦૬-ક-૫ તા: ૨૯/૧૦/૨૦૧૫.
(૪) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક : કસપ/૧૦-૨૦૧૫-૨૦૬-ક-૫ તા: ૦૩/૧૨/૨૦૧૫.
(૫) ખેતી નિયામકશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક: આઇક્યુ/ ખાતર-૨/ચાલુ બાબતપ્રિ બજેટ ૨૦૧૬-૧૭/૩૯૨૩૨-૩૫૦૨/૨૦૧૫,તા: ૧૦/૧૧/૧૫

પ્રસ્તાવના:

રાજ્ય કૃષિ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે છે. પરંન્તુ સતત રાસાયણિક ખાતરો અને કેમિકલ્સના બહોળા ઉપયોગને કારણે દિવસે દિવસે જમીનની ફળદ્રુપતા ઉપર પણ વિપરીત અસર થતી જણાય છે. સાથો સાથ આવા કૃષિ રસાયણની માનવ અને પશુઓના સ્વાસ્થ્ય ઉપર પણ વિપરીત અસર થયાનું ધ્યાને આવેલ છે. આ અંગે ખેડૂતોમાં જાગૃતિ આવતા, સેંદ્રિય ખેતી પધ્ધતિથી ઉત્પાદિત કૃષિ પેદાશોનું બજાર વધતુ જાય છે. આવા પેદાશોના ઉત્પાદનના નિકાસની પણ ઘણી સારી તકો છે. જે ધ્યાને લેતાં સેંદ્રિય આધારીત ટકાઉ ખેતી પધ્ધતિને પ્રોત્સાહન આજના દિવસની માંગ છે. આ માટે સરકારશ્રી તરફથી વંચાણે લીધા ક્રમાંક-૧ થી ગુજરાત સેંદ્રિય ખેતી નીતી નિર્ધારીત કરવામાં આવેલ છે. વિભાગના ઉકત આમુખ-૨ – ૪ થી જરૂરી સુધારા ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો. ખેતી નિયામકશ્રીની કચેરીના ઉક્ત આમુખ-૫ થી સેંન્દ્રિય ખેતી માટે ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં રૂ.૧૦/-કરોડની જોગવાઇ કરાવવામાં આવેલ છે, જેની વહીવટી મંજુરી માંગવામાં આવેલ છે. આ યોજનાને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યમાં સેંદ્રિય ખેતી અંગે રાજ્યના ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે સહાય પૂરી પાડવા અંગેની નવી યોજનાનો વર્ષ ૨૦૧૬-૧૭માં અમલીકરણ કરવા રૂ. ૧૦/- કરોડની નવી બાબતની જોગવાઇ નીચેની સામાન્ય શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

યોજનાની સામાન્ય શરતો :

(૧)આ યોજના હેઠળ ફક્ત ગુજરાત ઓર્ગેનિક પ્રોડકશન એજંસી (ગોપકા) કે અન્ય એપેડા માન્ય સર્ટીફીકેશન સંસ્થાઓમાં ઓર્ગેનિક સર્ટીફીકેશન માટે રજીસ્ટર થયેલ હોય તેવા લાભાર્થીઓને લાભ મળશે

(૨)આ યોજનાના લાભાર્થી તરીકે વ્યક્તીગત ખેડૂત/ખેડૂત સમુહ/સંસ્થાકીય ખેડૂતો/ ખેતી સહકારી મંડળીઓ રહેશે.

(૩)સર્ટીફીકેશન કામગીરી માટે ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્શન સર્ટીફીકેશન એજન્સી કે એગ્રીકલ્ચર એંન્ડ પ્રોસેસ ફૂડ એક્ષપોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી (એપેડા)એ સેંદ્રિય ખેતીના સર્ટીફીકેશન માટે માન્ય કરેલ સંસ્થાઓ પૈકીની એજંસી પાસે કામગીરી કરાવવાની રહેશે.

(૪)યોજનાની નોડલ એજન્સી તરીકે ગુજરાતરાજ્ય બીજ પ્રમાણન એજન્સી,અમદાવાદ રહેશે.

- **સેંદ્રિય ખેતી માટે સહાય**

અ.વ્યક્તીગત સહાય :

(અ-૧) સેંદ્રિય ખેતી અપનાવવા, લાભાર્થી ખેડૂતોને ત્રણ વર્ષના કન્વર્ઝન સમય દરમ્યાન તેમજ સર્ટીફાઇડ ઓર્ગેનીક ખેતી માટે,સેંદ્રિય ખેતી માટેની રજીસ્ટ્રેશનફી/ઇનસ્પેકશન/સર્ટીફિકેશન ફીમાં અને કૃષિ ઇનપટમાં મળવા પાત્ર થશે. સહાયના અમલીકરણના ધોરણો પરિશિષ્ટ-૧ મુજબ રહેશે જે માટે લાભાર્થીએ i khedut પોર્ટલ મારફત વ્યક્તીગત ધોરણે સેંદ્રિય ખેતીના સર્ટીફીકેશનના/ઇનસ્પેકશન /સર્ટીફિકેશન માટે કે ઇનપુટ સહાય મેળવવા માટે પરિશિષ્ટ-૬-અ અને ૬-બ પ્રમાણેની અરજી કરવાની રહેશે.

(અ-૨) આ ઉપરાંત પરિશિષ્ટ–૨ મુજબની યોજનાઓના સેંદ્રિય ખેતીને સંલગ્ન ઘટકોનો પણ લાભ સેંદ્રિય ખેતીના કન્વર્ઝન પીરીયડ તથા ઓર્ગેનીક ખેતી કરતા અપનાવતા ખેડૂતો મેળવી શકશે.

(અ-૩) આ યોજના અંતગર્ત પરિશિષ્ટ-૩ મુજબ જે ખેડૂતો સેંદ્રિય ખેતી માટે પાક ધિરાણ મેળવતા હોય તેઓને મહત્તમ૪% સુધી વ્યાજદર સહાય કન્વર્ઝન સમય દરમ્યાન તેમજ સર્ટીફાઇડ ઓર્ગેનીક ખેતી માટે મળવાપાત્ર થશે.

આ યોજના હેઠળના લાભો ત્રણ વર્ષના કન્વર્ઝન સમય દરમ્યાન તેમજ સર્ટીફાઇડ ઓર્ગેનીક ખેતી માટે મળવાપાત્ર રહેશે કન્વર્ઝન સમય દરમ્યાન ગેરલાયક ઠરેલ લાભાર્થીઓ ( દા.ત.રજીસ્ટ્રેશન રદ થયેલ હોય ) ને આ યોજનાનો લાભ મળશે નહિ પરંતુ પ્રોજેક્ટ બે વર્ષ પૂર્ણ થયા બાદ ત્રીજા વર્ષ દરમ્યાન ટાળી ન શકાય તેવી કુદરતી

આફતો જેવી કે અતિવૃષ્ટી, દુષ્કાળ, ભૂકંપ તીડનો ઉપદ્રવ જેવા સંજોગોમાં યોજનાની કામગીરીને કોઇ અસર પહોચેલ હોઇ તો કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસારકરેલ કામગીરીની સહાય મળવા પાત્ર થશે.

**<u>બ. સંસ્થાકીય સહાયઃ</u>**

**(બ-૧)** આ યોજના હેઠળ,રાજયની કૃષિ યુનિર્વસીટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો કે અન્ય સરકારી સંસ્થાઓ ખાતે સેન્દ્રિય ખેતી અંગેના સંશોધનો, ટેકનોલોજી વિકાસ,તાલીમ,માર્ગદર્શન અને શિક્ષણ માટે ઓર્ગેનીક રીસોર્સ સેન્ટરો ઉભા કરવા તથા ઉકત સંસ્થાઓ અને આદર્શ સેન્દ્રીય ખેતી કરતા ખેડૂતો મારફત નિદર્શનો માટે મોડેલ ઓર્ગેનીક ફાર્મ ઉભા કરવા જોગવાઇ કરવામાં આવે છે. આ કાર્યક્રમો પ્રોજેકટ બેઝ છે. જે માટે જેતે નિયત સંસ્થાઓ તરફથી રાજ્ય કક્ષાની સેન્દ્રીય ખેતીની અમલીકરણ સમિતિ સમક્ષ રજૂ કરી, મંજુર કરાવી અમલીકરણ કરવાનું રહેશે જેની અમલીકરણ અને પાત્રતા તેમજ આવરી લેવાની બાબતો સમિતી નક્કી કરશે.

**(બ-૨) વધુમાં પરિશિષ્ઠ-૩માં દર્શાવેલ અન્ય યોજનાઓના ઘટકોનો આ યોજના સાથે કન્વર્ઝન કરી** સેન્દ્રીય ખેતી સાથે સંકળાયેલ અમલી ઘટકોમાં પ્રોત્સાહન આપવાનુ રહેશે.

(૫) આ યોજના હેઠળ પરિશિષ્ટ-૧ હેઠળ ક્રમ -૫ પ્રમાણે સેન્દ્રીય ખેતી અંતર્ગત નીચે દર્શાવેલ વિષયોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર ખેડૂતોને પ્રોત્સાહન તથા બહુમાન કરવા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર આપવાનો રહેશે.

**(અ)સેંદ્રિય ખેતીમાં કૃષિ ઇનપુટસમાં નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ**

**(બ) ખેતીપાકો/બાગાયતી પાકોનું સેંદ્રિય ખેતીનું સર્ટેફાઇડ ઉત્પાદન કરવા અંગે**

**(ક)સેંદ્રિય ખેતીની ઉપજના પ્રોસેસીંગ/મૂલ્યવર્ધન માટે**

**(ડ)સેંદ્રિય ખેતીના પ્રચાર–પ્રસાર વ જાગૃતિ માટે આપેલ યોગદાન માટે**

સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર આપવાની ખાતા દ્વારા ચાલતી હાલની યોજનામાં ઉકત સૂચિત વિષયોનો સમાવેશ કરી,એવોર્ડની રકમ તેમજ અન્ય શરતો અને તેના અરજીપત્રકો હાલની ચાલુ પ્રણાલિકા મુજબ સ્વીકારી જરૂરી કાર્યવાહી સંબંધિત શાખાએ કરવાની રહેશે અને આ વિષયો માટે આપવાના થતા એવોર્ડ માટેનો ખર્ચ સજીવ ખેતીની યોજનામાં ઉધારવાનો રહેશે.

(૬) આ સમગ્ર સેન્દ્રીય ખેતીની કામગીરી અપેડાએ નિયત કરેલ ધોરણો અને વખતોવખતનાં સુધારાને આધિન કરવાની રહેશે.

(૭) આ યોજનાનું અમલીકરણ વિવિધ ખાતાઓ/બોર્ડ/નિગમ/એજન્સીએ કરવાનું થતુ હોઈ આ અંગેની ગ્રાન્ટ **રાજ્ય કક્ષાની સંકલન સમિતિ** સુચવે તે વિભાગને પ્રોજેક્ટ દરખાસ્ત અનુસાર ખેતી નિયામકશ્રીએ ચુકવવાની રહેશે.

(૮) સબંધિત નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામકશ્રી ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસીડી સહિત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

(૯) લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટે અરજીનો નમુનો આ સાથેના પરિશિષ્ટ-૬ અ અને બમુજબ રહેશે અને તેના અમલ માટેની કાર્ય પધ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૬ના ભાગ ૨ થી ૫

મુજબ રહેશે જ્યારે એટસોર્સ સિવાયના ઘટકોની અમલીકરણ પદ્દ્ધ્તિ પરિશિષ્ટ-૭ મુજબની રહેશે અને વ્યક્તિગત લાભાર્થી સિવાયના ઘટકોની અમલીકરણ પદ્દ્ધ્તિ પરિશિષ્ટ-૮ મુજબની રહેશે.

(૧૦) આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રીએ જિલ્લા અમલીકરણ અધિકારીશ્રી/એટસોર્સ સહાયના કિસ્સામાં સબંધિત નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી ,અમદાવાદને ફાળવવાની રહેશે

(૧૧) આયોજનાના અમલીકરણની કાર્યપધ્ધતિ માટે જિલ્લા અમલીકરણ અધિકારી/સબંધિત નોડલ એજન્સીએ સહાયની રકમ ECS (Electronic Clearance Service) /RTGS (real Time Gross Settlement)/ એકાઉન્ટ પે ચેકથી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

## ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત નીચે મુજબની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રિય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવ્તી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩)આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારશ્રીના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવ/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબા નિયત પધ્ધતિ મુજબ કરવાનું રહેશે.

(૪)આ મંજૂરી અંઅંવયે ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ અન્ય હેતુ માટે કરી શકાશે નહી બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫)આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ  શરતોનું  ચુસ્તપણે પાલન કરવનું રહેશે.

(૬)આ મંજૂરી અંવયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નિતિઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭)આ કામમાં ટેન્ડર પ્રોસેસ કરવાનું થતુ હોય તો સરકારશ્રીના ઉદ્યોગ અને કાણા વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ માં ઇ ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ કસુચનાઓ તથા વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ યોજનાનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં સેંદ્રિય ખેતી નીતી અંતગર્ત રાજ્યના ખેડૂતોને પ્રોત્સાહન માટે સહાય પૂરી પાડવાની અંગેની નવી યોજનાઓ વર્ષ ૨૦૧૬-૧૭માં અમલીકરણ માટે નીચેના બજેટ સદરે કરેલ રૂ.૧૦.૦૦ કરોડ ( રુપિયા દસ કરોડ)ની જોગવાઇમાંથી કરવાનો રહેશે. અને તે સદરે ઉધારવાનો રહેશે.

**માંગણી નં : ૨**

**મુખ્ય સદર : ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા**

**ગૌણ સદર :૧૦૫ ખાતર અને રાસાયણિક ખાતર**

**પેટા સદર : (૩૪) ગુજરાત સજીવ ઉત્પાદન પ્રામાણિકરણ એજંસી-ગોપકા. – આયોજન**

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૦૬/૧૬ની નોધથી મળેલ મંજુરી અંન્વેયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**બિડાણ :પરિશિષ્ટ – ૧ થી ૯**

(એમ .જે.પટેલ)
નાયબ સચિવ
કૃષિ અને સહકાર વિભાગ

**નકલ રવાના**

પ્રતિ

(૧) માન. મંત્રીશ્રી(કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. રા.ક.મંત્રીશ્રી(કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) અગ્ર સચિવશ્રી (કૃષિ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) ખેતી નિયામકશ્રી, કૃષિભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર
(૫) બાગાયત નિયામકશ્રી, સેક્ટર-૧૦એ, ગાંધીનગર
(૬) નિયામકશ્રી, આત્માં સમેતી, ગાંધીનગર
(૭) મેનેજીગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ. ગાંધીનગર
(૮) મેનેજીગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજંસી, ગાંધીનગર
(૯) ડીરેકટરશ્રી, ગુજરાત ઓર્ગેનિક પ્રોડકટ સર્ટીફિકેશન એજંસી ( ગોપકા) અમદાવાદ
(૧૦) સંશોધન નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટી (આણંદ, જુનાગઢ, નવસારી, દાંતીવાડા)
(૧૧) નાણાં સલાહકારશ્રી (કૃષિ) સચિવાલય, ગાંધીનગર
(૧૨) સેક્શન અધિકારીશ્રી, ક-૬ શાખા, ક-૭ શાખા, બજેટ શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર.
(૧૩) સીલેક્ટ ફાઇલ -૨૦૧૫

# પરિશિષ્ટ-૧

## ખેડૂતોને સેંદ્રિય ખેતીના પ્રોત્સાહન માટેસહાય પૂરી પાડવા અંગેની યોજના

| અ. નં. | યોજના ઘટક | સહાયનુધોરણ | અમલીકરણસંસ્થા અને અમલીકરણ પધ્ધતિ |
|---|---|---|---|
| ૧ | અપેડા માન્ય સેન્દ્રિય સર્ટીફીકેશન એજન્સીઓની પ્રમાણન ફી માટે સહાય | ગુજરાત ઓર્ગેનીકપ્રોડક્ટ્સ સર્ટીફીકેશન એજન્સી (GOPCA) દ્વારાનક્કી થયેલ રજીસ્ટ્રેશન, **ઇન્સપેકશન** અને તેમજ સર્ટીફીકેશન ફીમાં ફીના ધોરણો મુજબના ખર્ચમાં ૭૫% એટસોર્ષ સહાય**અથવા** અપેડા માન્ય સેન્દ્રિય સર્ટીફીકેશન એજન્સીઓની પ્રમાણન માટેની રજીસ્ટ્રેશન,**ઇન્સપેકશન** તેમજ સર્ટીફીકેશન ફીમાં ૫૦% સહાય.વધુમાં વધુ હેક્ટરે રૂ. ૨૦૦૦/- | • આ ઘટકનું અમલીકરણ ગુજરાત ઓર્ગેનીક પ્રોડક્ટ્સ સર્ટીફીકેશન એજન્સીકરશે.<br>• ધોરણો મુજબના ખર્ચમાં ૭૫% એટસોર્ષ સહાય<br>• અન્ય અપેડા માન્ય અધિકૃત સેન્દ્રિય સર્ટીફીકેશન એજન્સીઓને સદર યોજનાની સહાયની રકમનું ચુકવણું ગુજરાત ઓર્ગેનીક પ્રોડક્ટ્સ સર્ટીફીકેશન એજન્સીકરશે. |
| ૨ | ઇનપુટ સહાય | વાર્ષિક રૂ. ૫૦૦૦/- પ્રતિ હેક્ટર | • અપેડા માન્ય કોઇપણ સંસ્થા દ્વારા સ્કોપ સર્ટીફિકેટ આપેલ હોય તેવા ખેડૂતને રૂ. ૫,૦૦૦ પ્રતિ હેક્ટર વાર્ષિક ઇનપુટ સહાય તરીકે RTGS/ECS થી તેના બેન્ક એકાઉન્ટમાં સહાયરૂપે નોડલ એજન્સી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી-અમદાવાદ મારફતે આપવાના રહેશે. |

| અ. નં. | યોજનાનું અને ઘટક | સહાયનુધોરણ | અમલીકરણસંસ્થા અને અમલીકરણ પધ્ધતિ |
|---|---|---|---|
| ૩ | સંશોધન, મોડેલ ઓર્ગેનીક ફાર્મ અને રીસોર્સ સેન્ટરો ઉભા કરવા | કૃષિયુનિવર્સીટી ખાતે ખેતી પધ્ધતી વિકસાવવા તથા સંશોધન માટેખર્ચનાં ૧૦૦% સુધી | રાજયની સેન્દ્રીય ખેતી માટેની અમલીકરણ સમિતી સમક્ષ પ્રોજેક્ટ બેઝ દરખાસ્ત રજૂ કરી મંજુર કરાવ્યા બાદ અમલીકરણ. |
| | | કૃષિ યુનિવર્સીટી ખાતેઓર્ગેનીકએગ્રીકલ્ચરઅંગે સંશોધન અને શિક્ષણ વિભાગઅલગથીઉભોકરવોતથા શૈક્ષણિક કોર્ષ નક્કી કરવાખર્ચનાં ૧૦૦% સુધી | રાજયની સેન્દ્રીય ખેતી માટેની અમલીકરણ સમિતી સમક્ષ પ્રોજેક્ટ બેઝ દરખાસ્ત રજૂ કરી મંજુર કરાવ્યા બાદ અમલીકરણ |
| | | કૃષિયુનિવર્સીટી, કે.વી.કે, ખાતા કક્ષાએ ખાતે ઓર્ગેનીક મોડેલ ફાર્મ ઉભાકરવાખર્ચનાં ૧૦૦% | રાજયની સેન્દ્રીય ખેતી માટેની અમલીકરણ સમિતી સમક્ષ પ્રોજેક્ટ બેઝ દરખાસ્ત રજૂ કરી મંજુર કરાવ્યા બાદ અમલીકરણ |
| ૪ | બ્રાન્ડીંગ અને બજાર વિકાસ | ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પરેશનલી.અને ગુજરાત સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટીંગ બોર્ડ મારફત ખર્ચનાં ૧૦૦% સુધી | રાજયની સેન્દ્રીય ખેતી માટેની અમલીકરણ સમિતી સમક્ષ પ્રોજેક્ટ બેઝ દરખાસ્ત રજૂ કરી મંજુર કરાવ્યા બાદ અમલીકરણ |
| ૫ | એવોર્ડ અને સન્માન | બેસ્ટ ઓર્ગેનિક ફાર્મર એવોર્ડખર્ચનાં ૧૦૦% સુધી | સેન્દ્રીય ખેતી અંતર્ગત નીચે દર્શાવેલ વિષયોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર ખેડૂતોને પ્રોત્સાહન તથા બહુમાન કરવા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર આપવાનો રહેશે.<br>**(અ)સેંદ્રિય ખેતીમાં કૃષિ ઇનપુટસમાં નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ**<br>**(બ)ખેતીપાકો / બાગાયતી પાકોનું સેંદ્રિય ખેતીનું સર્ટેફાઇડ ઉત્પાદન કરવા અંગે**<br>**(ક) સેંદ્રિય ખેતીની ઉપજના પ્રોસેસીંગ/મૂલ્યવર્ધન માટે**<br>**(ડ)સેંદ્રિય ખેતીના પ્રચાર–પ્રસાર વ જાગૃતિ માટે આપેલ યોગદાન માટે**<br>સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર આપવાની ખાતા દ્વારા |

| | | | |
|---|---|---|---|
| | | | ચાલતી હાલની યોજનામાં ઉકત સૂચિત વિષયોનો સમાવેશ કરી, એવોર્ડની રકમ તેમજ અન્ય શરતો અને તેના અરજીપત્રકો હાલની ચાલુ પ્રણાલિકા મુજબ સ્વીકારી જરૂરી કાર્યવાહી સંબંધિત શાખાએ કરવાની રહેશે અને આ વિષયો માટે આપવાના થતા એવોર્ડ માટેનો ખર્ચ સજીવ ખેતીની યોજનામાં ઉધારવાનો રહેશે. |
| ૬ | ટેકનિકલ સપોર્ટ ગ્રુપ | સેન્દ્રિય ખેતી સંબંધિત ખેડૂતોને તાંત્રિક જ્ઞાન મળી રહે તે માટે ખેતી નિયામકશ્રી કક્ષાએ ટેકનિકલ સપોર્ટ ગ્રુપ ઊભા કરવા ખર્ચનાં ૧૦૦% સુધી. | રાજયની સેન્દ્રીય ખેતી માટેની અમલીકરણ સમિતી સમક્ષ પ્રોજેકટ બેઝ દરખાસ્ત રજૂ કરી મંજુર કરાવ્યા બાદ અમલીકરણ |
| ૭ | પ્રચાર –પ્રસાર અને જા જાગ્રૂતિ માટે | સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ ખરેખર થયેલ ખર્ચ | ખેતી નિયામકશ્રી દ્વારા અમલીકરણ સમિતીએ સૂચવ્યા મુઅજબ અમલીકરણ કરવાનો રહેશે. |

## પરિશિષ્ટ-૨

### અન્ય સહાયની યોજનાઓ  હેઠળના સેંદ્રિય ખેતી માટેઅના ખેડૂત લક્ષી  સહાયના ઘટકો

| અ. નં. | યોજનાનું અને ઘટક | સહાયનુધોરણ | અમલીકરણસંસ્થા અને અમલીકરણ પધ્ધતિ |
|---|---|---|---|
| ૧ | વર્મી કંપોસ્ટયુનિટઉભુકરવું, | ૭*૩*૧ ઘન ફૂટના વર્મી બેડયુનિટ રૂપિયા ૫૦૦૦/- | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ અમલ કરવાનો રહેશે |
| ૨ | ઓર્ગેનીક ફાર્મીંગ વિષે તાલિમ અને નિદર્શન | ➢ સટાફ,ફીલ્ડ ફંક્શનરીઝ માટે તાલીમ રૂ. ૨૫૦૦૦/- એક તાલિમ સત્ર માટે, ૨૦ અને વધુ લાભાર્થીઓ | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ કુલ ૨૦ તાલીમાર્થીઓ માટે બે દિવસીય તાલીમ કાર્યક્રમ જેમાંનીચે મુજબના ખર્ચના બ્રેક અપનો સમાવેશ કરી શકાશે<br>લોજીંગ બોર્ડીંગ માટે ૪૦૦/-પ્રતિ તાલીમાર્થી દીઠકુલ - ૧૬૦૦૦/-<br>સ્ટેશનરી,સાહિત્ય અને ફોલ્ડર માટે -૫૦૦૦/-<br>વ્યાખ્યાતાને માનદ વેતન પેટે કુલ ચાર વ્યક્તીને ૫૦૦/-મુજબ ૨૦૦૦/-<br>ચા કોફી ,ટ્રાંન્સપોર્ટ અને અન્ય પરચૂરણ  ખર્ચ ૨૦૦૦/- |
| | | -ખેડૂતોને  તાલિમ આપવી<br>રૂ.૧૦૦૦૦/-એક તાલિમ સત્ર માટે, ૨૦ અને વધુ લાભાર્થીઓ | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ કુલ ૨૦ ખેડૂત તાલીમાર્થીઓ માટે બે દિવસીય તાલીમ કાર્યક્રમ જેમાંનીચે મુજબના ખર્ચના બ્રેક અપનો સમાવેશ કરી શકાશે<br>લોજીંગ બોર્ડીંગ માટે ૧૫૦/-પ્રતિ ખેડૂત દીઠકુલ - ૬૦૦૦/-<br>સ્ટેશનરી,સાહિત્ય અને ફોલ્ડર માટે - ૨૦૦૦/-<br>વ્યાખ્યાતાને માનદ વેતન પેટે કુલ ચાર વ્યક્તીને ૫૦૦/-મુજબ ૨૦૦૦/- |
| | | ફિલ્ડ નિદર્શનો<br>પ્રતિ નિદર્શન .૧૦૦૦૦/-રૂપિયા | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ નીચેની વિગતે ખરચ કરી શકાશે<br>ખેડૂતને ઇનપુટ અને મજૂરી પેટે-૫૦૦૦/-<br>ફિલ્ડ નિદર્શન માટે રીફ્રેશમેન્ટ માટે -૨૫૦૦/-<br>અન્ય પરચૂરણ ખર્ચ જેવા કે ટ્રાંન્સપોર્ટ ,માનદ વેતન અને અન્ય-૨૫૦૦/- |

| અ. નં. | યોજનાનું અને ઘટક | સહાયનુધોરણ | અમલીકરણસંસ્થા અને અમલીકરણ પધ્ધતિ |
|---|---|---|---|
| ૩ | સેમિનારો કોન્ફરન્સ, વર્કશોપ, પ્રદર્શનો, કિસાન મેળા | ૧. ઇન્ટરનેશનલ લેવલ- ૭.૫ લાખ એક ઇવેન્ટ દીઠ, ખર્ચના ૧૦૦% ચાર દિવસમાટે<br>૨. નેશનલ કક્ષાએ- ૫ લાખ એક ઇવેન્ટ દીઠ, ખર્ચના ૧૦૦% બે દિવસ માટે<br>૩.રાજ્ય કક્ષાએ- ૩લાખ એક ઇવેન્ટ દીઠ, ખર્ચના ૧૦૦% વધુમાં વધુ ૩ લાખ એક ઇવેન્ટદીઠ ની મર્યાદામાં બે દિવસ માટે<br>૪. જિલ્લા કક્ષાએ- ૨લાખ એક ઇવેન્ટ દીઠ, ખર્ચના ૧૦૦% વધુમાં વધુ ૨ લાખ બે દિવસ માટે | એમઆઇડીએચ યોજનાની ગાઇડ લાઇન મુજબ અમલ કરવાનો રહેશે |
| ૪ | રાજ્યકક્ષાની તાલીમ | રૂ. ૧૦૦૦/- પ્રતિ દિવસ પ્રતિ ફાર્મર પ્રવાસ ખર્ચ સાથે - | |
| ૫ | રાજ્ય બહારની તાલિમ | પ્રોજેક્ટ બેઝ ખરેખર ખર્ચ- | |
| ૬ | એક્સ્પોઝર વિઝીટ ઓફ ફાર્મર | રાજ્ય બહાર- પ્રોજેક્ટ બેઝ ખરેખર ખર્ચ- | |
| ૭ | પેક હાઉસ | રૂ. ૪ લાખ/યુનિટ- સાઇઝ ૯મીx૬મી,ખર્ચના ૫૦% | હોર્ટીકલ્ચર મીશન ની જોગવાઇઓ મુજ્બ |
| ૮ | નમુના ચકાસણી | રૂ. ૧૦૦૦૦/- સુધી/નમુનો રેસીડ્યુ ટેસ્ટીંગ માટે (રેસીડ્યુ ટેસ્ટીંગ NABL લેબોરેટરીમાં કરવું) | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ અમલ કરવાનો રહેશે |
| ૯ | ગ્રામ્ય બજાર, અપની મંડી, સીધુ બજાર | રૂ.૨૫ લાખ/યુનિટ, ક્રેડીટલીંક બેક એન્ડેડ સબસીડી @ મુળ રોકાણના ૪૦% સામાન્ય વિસ્તાર માટે, અને વ્યક્તિગત સાહસિકો માટે ડુંગરાળઅને અનુસૂચિત વિસ્તારોના કિસ્સામાં ૫૫% | હોર્ટીકલ્ચર મીશન ની જોગવાઇઓ મુજ્બ બાગાયત ખાતાએ અમલ કરવાનો રહેશે. |

| પરિશિષ્ટ-૩<br>ખેડૂતોને સેંદ્રિય ખેતીના પ્રોત્સાહન માટેના સમુહલક્ષી / સંસ્થાકિયસહાયનાઘટકો | | | |
|---|---|---|---|
| **અ. નં.** | **યોજનાનું અને ઘટક** | **સહાયનુધોરણ** | **અમલીકરણસંસ્થા અને અમલીકરણ પધ્ધતિ** |
| ૧ | બાયો ફર્ટીલાઇઝર, બાયો પેસ્ટીસાઇડ્સયુનિટની સ્થાપના | ૧૦૦% સહાય રાજ્ય સરકાર/ રાજ્ય સરકારની સંસ્થાઓ વધુમાં વધુ ૧૬૦ લાખયુનિટ દિઠ અને ખર્ચના ૨૫%,૪૦ લાખની મર્યાદામાં યુનિટ દીઠ/વ્યક્તિગત/ખાનગીસંસ્થાઓ ૨૦૦ ટીપીએ ઉત્પાદન ક્ષમતાનું રોકાણ | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ અમલ કરવાનો રહેશે |
| ૨ | મીકેનાઇઝ પ્રોડક્શન યુનિટ ફળો/શાકભાજી માર્કેટ કચરો/એગ્રો વેસ્ટકોમ્પોસ્ટ | ૧૦૦% સહાય રાજ્ય સરકાર/ રાજ્ય સરકારની સંસ્થાઓ વધુમાં વધુ ૧૯૦ લાખયુનિટ દિઠ અને ખર્ચના ૩૩%, ૬૩ લાખની મર્યાદામાંયુનિટદીઠ/વ્યક્તિગત/ખાનગી સંસ્થાઓ ૩૦૦૦ ટીપીએ ઉત્પાદન ક્ષમતાનું રોકાણ | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ અમલ કરવાનો રહેશે |
| ૩ | બાયો કંન્ટ્રોલ લેબોરેટરી | રૂ. ૯૦ લાખ/યુનિટ- ૧૦૦% પબ્લિક સેક્ટર- ૪૦% પ્રાઇવેટ સેક્ટર | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ અમલ કરવાનો રહેશે |
| ૪ | સંગ્રહ, વર્ગીકરણ/ગ્રેડીંગ, પેકીંગયુનિટ | રૂ. ૧૫ લાખ/યુનિટ, ક્રેડીટલીંક બેક એન્ડેડ સબસીડી @ મુળ રોકાણના ૪૦% સામાન્ય વિસ્તાર માટે, અને વ્યક્તિગતસાહસિકો માટે ડુંગરાળ અને અનુસૂચિત વિસ્તારોના કિસ્સામાં ૫૫% | હોર્ટીકલ્ચર મીશન ની જોગવાઇઓ મુજ્બ બાગાયત ખાતાએ અમલ કરવાનો રહેશે. |

| | | | |
|---|---|---|---|
| ૫ | પ્રાથમિક/મોબાઇલ/નાના પ્રોસેસીંગયુનિટ | રૂ. ૨૫/- લાખ/યુનિટ ક્રેડીટલીંક્ડબેક-એન્ડેડસબસીડી@સામાન્ય વિસ્તારમાં પ્રોજેક્ટના મૂળ ખર્ચના૪૦% અને વ્યક્તિગત ઉદ્યોગ સાહસિકોના કેસમાં ડુંગરાળ અને શિડ્યુલ વિસ્તાર માટે૫૫%. | હોર્ટીકલ્ચર મીશન ની જોગવાઇઓ મુજ્બ બાગાયત ખાતાએ અમલ કરવાનો રહેશે. |
| ૬ | બાયોફર્ટીલાઝર અને ઓર્ગેનિકફર્ટીલાઇઝરટેસ્ટીંગ લેબોરેટરી (BOQCL), હાલની લેબોરેટરીઓનેસ્ટેન્ધનકરવી | નવી લેબોરેટરી માટે વધુમાં વધુ રૂ. ૮૫ લાખ સહાય- ચાલુ લેબોરેટરીનાસ્ટ્રેન્ધનીંગ માટે રૂ. ૪૫ લાખની મર્યાદામાં- સરકારી લેબોરેટરી ખેતીવાડી/બાગાયતહસ્તક | એનએમએસએ યોજનાની ગાઇડ લાઇન મુજબ અમલ કરવાનો રહેશે |

## પરિશિષ્ટ-૪

## સેન્દ્રીય ખેતીના પ્રોત્સાહન માટે પાક ધિરાણ વ્યાજ દર સહાય

૧. આ યોજના હેઠળ ફક્ત ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્શન સર્ટીફીકેશન એજન્સી (ગોપકા) કે અન્ય અપેડા માન્ય સર્ટીફીકેશન સંસ્થાઓમાં ઓર્ગેનિક સર્ટીફીકેશન માટે રજીસ્ટર થયેલ હોય તેવા લાભાર્થીઓને ત્રણ વર્ષના કન્વર્ઝન સમય દરમ્યાનજ લાભ મળશે લાભાર્થી ખેડૂતોને ૭% કે તેથી ઓછા વ્યાજના દરે ટૂંકી મુદતનુ પાક ધિરાણ કરતી હોય તેવી રાજ્ય સહકારી બેંક, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, પ્રાઇવેટ સેક્ટર બેંકો, રીજીયોનલ રૂરલ બેંકો, કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંકો અને કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓને આ યોજના લાગુ પડશે.

૨. આ યોજના હેઠળ ઉપરોક્ત બેંકો / કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ દ્વારા પાક ધિરાણ મેળવતા ખેડૂતોને તેઓના પાક ધિરાણ ઉપર મહત્તમ ૪ % ના દરે વ્યાજ રાહતની રકમ આ ઠરાવની શરતોને આધીન રહીને સરકાર દ્વારા પુરી પાડવામાં આવશે.

૩. આ યોજનાનો લાભ ત્રણ વર્ષનાં કન્વર્જન સમય દરમ્યાન મળવાપાત્ર રહેશે કન્વર્ઝન સમય દરમ્યાન ગેરલાયક ઠરેલ લાભાર્થીઓને (દા.ત.રજીસ્ટ્રેશન રદ થયેલ હોય) ને આ યોજનાનો લાભ મળશે નહી આમ છતાં પ્રોજેક્ટનાં બીજા વર્ષની શરૂઆતનાં પુર્ણતાનાં તબક્કા દરમ્યાન ટાળી ન શકાય તેવી કુદરતી આફતો જેવી કે અતિવૃષ્ટી, દુષ્કાળ, ભુકંપ, તીડનો ઉપદ્રવ જેવા સંજોગોમાં યોજનાની કામગીરીને કોઇ અસર પહોંચે તે કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર કરેલ કામગીરીની સહાય મળવાપાત્ર થશે

૪. નાબાર્ડની પ્રવર્તમાન ક્રેડીટ પોલીસી અનુસાર વધુમાં વધુ રૂ. ૩/- લાખ સુધીના પાક ધિરાણ માટે ખેડૂતોને આ વ્યાજ રાહતનો લાભ મળશે.

૫. આ ૪% વ્યાજ રાહત Prompt Payer Scheme મુજબ પાક ધિરાણની રકમ સમયસર પરત ભરનાર ખેડૂતોને બેંકોએ પ્રથમ જમા આપવાની રહેશે.

૬. આ યોજનાનો ટૂંકી મુદતનું પાક ધિરાણ મેળવેલ અને Prompt Payer Scheme મુજબ પાક ધિરાણની રકમ સમયસર પરત ભરનાર ખેડૂતોને મળવાપાત્ર રહેશે.

૭. આ યોજનાનો અમલ સહકાર કમિશનર અને રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાનો રહેશે.

૮. જિલ્લા સહકારી બેંક કે તેના સંલગ્ન કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોને આપવામાં આવેલ પાક ધિરાણ માટે સંબંધિત જિલ્લા સહકારી બેંકો અને પાક ધિરાણ કરતી અન્ય બેંકોએ તેઓની બેંકની મુખ્ય શાખાની નોડલ એજન્સી તરીકે નિયુક્તી કરી, ખેડૂતોને આપવામાં આવેલ પાક ધિરાણ ઉપર આ ઠરાવમાં જણાવ્યાનુસાર ૪% વ્યાજ રાહત અંગેના ક્લેઇમ માટે સંકલીત દરખાસ્ત તૈયાર કરી સહકાર કમિશનર અને રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સમયસર રજુ કરવાની રહેશે.

૯. પાક ધિરાણ કરતી બેંકો તરફથી રજુ થતી દરખાસ્તની રકમની ગણતરી માટે ખરાઇ માટે તથા તમામ શરતોના પાલન અંગે બેંકના નિયુક્ત થયેલ વૈધાનિક ઓડિટરનું પ્રમાણપત્ર દરખાસ્ત સાથે સામેલ કરવાનું રહેશે.

૧૦. આ યોજનાની ઉપર દર્શાવેલ શરતો સિવાયની અન્ય બાબતો નાબાર્ડ – મુંબઈના તા. ૨૯-૧૨-૨૦૧૪ ના ક્રમાંક : એન. બી. /ડીઓઆર (પોલીસી)/૪૦૧૮/આઈએસ-૧/૨૦૧૪-૧૫ ના પરિપત્ર ક્રમાંક : ૨૫૯/ડીઓઆર-૬૩/૨૦૧૪ મુજબની રહેશે.

૧૧. સક્ષમ સત્તાધિકારીઓએ જણાવેલ પદ્ધતિ અનુસરીને નાણાકીય સંસ્થાની લોન પર વ્યાજ રાહત માટેની દરખાસ્તની ચકાસણી કરી ધોરણસરના મંજુરીનો હુકમ કરી સંબંધિત નાણાકીય સંસ્થાને આપવાની રહેશે. જયારે વ્યાજ રાહત પેટે મંજુર કરાયેલ રકમની ચુકવણી માટે ખેતી નિયામકને જણાવવાનું રહેશે.

૧૨. લોન આપનાર નાણાકીય સંસ્થાઓએ આ ધિરાણ માટે નાબાર્ડના નિયમો મુજબ ખેડૂતો પાસેથી ૪ % વ્યાજ બાદ કરીને જ ધિરાણ પરનું વ્યાજ વસુલ લેવાનું રહેશે. જે કિસ્સામાં ખેડૂતો દ્વારા વ્યાજ પુરેપુરૂં ભરપાઈ કરવામાં આવેલ હોય તેમના કિસ્સામાં વ્યાજ જે તે ખેડૂતના ખાતામાં જમા આપવાનું રહેશે.

૧૩. વ્યાજની સહાય માટેના દાવાઓની ચુકવણીની કાર્યપધ્ધતિ :

(અ) કલેઈમ પત્રક તૈયાર કરવા માટે નાણાકીય સંસ્થાએ kcc.gujarat.gov.in પોર્ટલ ઉપર દરેક ખેડૂત ખાતેદાર દીઠ વર્ષવાર મંજુર અને ડીસ્બર્સ કરેલ લોન રકમ પાકની વિગતો અને વાવેતર વિસ્તારની ડેટા એન્ટ્રી કરી લાગુ પડતા સ્કેલ ઓફ ફાયનાન્સના આધારે પાત્રતા ધરાવતી લોનની રકમની વિગતો અને તે ઉપર મળવાપાત્ર ૪ % વ્યાજ રાહતની ગણતરી સહિત પત્રક-૧ પ્રમાણે દર દ્વિમાસિક ધોરણે રજુ કરવાનું રહેશે.

(બ) કલેઈમ મોકલતા સમયે નાણાકીય સંસ્થાઓએ જે પાકો માટે રાજય કક્ષાની સમિતી દ્વારા જે તે વર્ષના મંજુર કરેલા પાક ધિરાણના દરો ધ્યાને લેવાના રહેશે, જયારે જે પાકો માટે રાજયકક્ષાએ પાક ધિરાણના દરો નક્કી કરવામાં આવેલ નથી, ત્યાં જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ પાક ધિરાણના દરો ધ્યાને લેવાના રહેશે. જો ધિરાણની રકમ આ પાક ધિરાણના દર કરતાં વધુ હોય તો મંજુર થયેલ પાક ધિરાણના દર ધ્યાને લેવાના રહેશે અને તે રકમ ધ્યાને લઈને વ્યાજ રાહતની ગણતરી કરવાની રહેશે.

૧૪. સેંદ્રિય ખેતી હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ કે તે અગાઉના વર્ષોમાં કંન્વર્ઝન થઈ ગયેલા જમીન વિસ્તાર માટે લીધેલ ધિરાણના કેસોમાં ઉક્ત ૪% વ્યાજ સહાય મળવાપાત્ર રહેશે નહિ.

પરિશિષ્ઠ-૪ સાથેનું પત્રક-૧

Format for claiming 4% additional interest subvention (Prompt paying farmers)on short term crop loan for the year 2014-15 announced by state Govt.vide GR no.

Name of District :　　　　　　　　　　Name of taluka :

Name of Bank/branch :　　　　　　　　　　(Rs.in actuals)

| Sr. no. | Village | Name of the loanee farmer | Land record Khata no. | Loan account no. | Sanctioned loan amount | Date of first disbursement/drawal | Loan due date/repayment date whichever is earlier | Nme of crop financed | Crop financed area (Ha) | Eligible scale of finance for the crop (State /Dist.aproved)per Ha | Loan Amount eligible for interest subvention( Col.9+Col 10 ) | Claim amount @4% p.a. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 1 | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | | |

We certify that the above loans for which the claim is being made were repaid in time and also eligible for the benefit of additional 3 percent interest subvention scheme of central Government for the year 2015-16.

Date :　　　　　　　　　　Signature :

Branch manager :

## પરિશિષ્ટ: ૫

## ગુજરાત ઓર્ગેનીક પ્રોડક્ટ્સ સર્ટીફીકેશન એજન્સી (GOPCA) માં રજીસ્ટર્ડ થવા માટેનું અરજી ફોર્મ

# Application Form: Organic Farm (Individual)અરજીપત્ર: સજીવ ખેતી (વ્યક્તિગત)

***Please fill this application if you are requesting organic farm/crop certification. Use additional sheets if necessary. Sign this form. <u>You must submit farm maps and field history sheets/ farm diary with this form.</u> Attach all other supporting documents (soil, tissue or water tests, rented or recently purchased land histories, etc.) outlined in section 9 of this questionnaire.***

સજીવ પાક સર્ટીફીકેશન માટે આ અરજીપત્ર ભરો. જરૂર પડે વધારાનું પેજ જોડવું, અરજીપત્રમાં સહી અવશ્ય કરો, ફાર્મ નકશો અને જમીન (ફીલ્ડ) ની પાછલી વિગતો/ફાર્મ ડાયરી વિગેરે ફરજિયાત જોડો.અન્ય બીજા સહાયકર્તા દસ્તાવેજ (જેવા કે જમીન અને પાણીના પૃથ્થકરણ ટેસ્ટ રીપોર્ટ, જમીન ભાડે લીધેલ કે નવી ખરીદેલ હોય તેની વિગતો વિગેરે) જોડો.

**1.*General Information*: સામાન્યમાહિતી**

Name of Operator:ઓપરેટરનું નામ :- ______________________________

Farm Name (if any): ફાર્મનું નામ (નામ હોય તો) :- -----------------------------------

Address: સરનામું ______________________________

______________________________ Pin: પીન __________

Phone: ફોન ____________________ Email id: ઇ-મેઇલ ____________________________

Distancefrom Ahmedabad and best wayto reach your farm: અમદાવાદથી અંતર કી.મી. અને ફાર્મ સુધી પહોંચવાની અનુકુળ સુવીધા ______________________________

______________________________

Are you aware of NSOP/GOPCA organic standards ? શું તમે રાષ્ટ્રીય સજીવ ઉત્પાદન ધારા-ધોરણો/ GOPCA ના સજીવ ઉત્પાદન ધારા-ધોરણોથી વાકેફ છો?☐ Yes ☐ No

Last date when you used ***chemical***inputs (fertilizers, pesticides etc): છેલ્લે કેમીકલ ઇનપુટ્સ ક્યારે વાપરેલ તેની તારીખ-સમય(રાસાયણીક ખાતર,પેસ્ટીસાઇડ્સ વિગેરે) __________________________

***2. Farm Information*: ફાર્મની માહિતી**

***Please complete the table below and attach updated Field History Sheets that show all fields [organic (O), in transition (T) or conventional (C)], field numbers, acres, crops planted, projected yields and inputs applied. The acreages listed in this table must equal field histories and maps.***નીચેનાપત્રકમાં પુરે પુરી વિગત ભરો. છેલ્લામાં છેલ્લી ફાર્મ હીસ્ટરીની માહિતી [ખેતરવાર- ઓર્ગેનીક***(O)***,કન્વર્ઝન ચાલુ ***(T)*** અને હાલની પધ્ધતીથી થતી ખેતી**(C)]**, ફીલ્ડ સર્વે નંબર, એકર વિસ્તાર, ઉગાડેલ પાક અને તેનું અંદાજીત ઉત્પાદનવિગેરે જોડો. પત્રકમાં આપેલ માહિતી ખરેખર ફીલ્ડ પર અને નકશા મુજબની હોવી જોઇશે.

| ALL CROPS-પાક | FIELD NUMBERS-સર્વે નંબર | NUMBER OF ACRES UNDERવિસ્તાર એકરમાં | | | TOTAL ACRES PER CROP-પાકવાર કુલ વિસ્તાર એકરમાં | PROJECTED YIELDS (VOLUME) FOR O, T, C અંદાજીત ઉત્પાદન |
|---|---|---|---|---|---|---|
| | | O * | T | C | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

*** O- Organic T- Transition C- Conventional**

Have you managed all fields***organically***for 3 or more years?આ ખેતરોમાં તમે ૩ કે ૩ થી વધારે વર્ષથી સજીવ ખેતી કરી રહ્યા

છો?☐ Yes ☐ No

***3,Records***

**Which of the following records do you keep for organic production?સજીવ ઉત્પાદન માટે નીચેમાંથી કયા પ્રકારની માહિતી તમે જાળવી રાખેલ છે?**

*Please have these records available at the time of inspection.* મહેરબાની કરી ઇન્સપેક્શન સમયે આ તમામ માહિતી ઉપલબ્ધ રાખવી

☐Field maps ખેતરો નો નકશો

☐ Field activity log(s)ખેતરોમાં થતી તમામ પ્રકારના કાર્યોની માહિતી

☐ Field history sheets (previous three years)ખેતરોનો પાછલા ૩ વર્ષોનો ઇતિહાસ

☐ Documentation of previous land use for rented and/or newly purchased landભાડે રાખેલ કે નવી ખરીદેલ જમીનના ઉપયોગ અંગેના દસ્તાજો (માહિતી).



☐ Input records for soil amendments, seeds, manure, foliar sprays, and pest control products:જમીન સુધારણા, બિયારણ, ખાતર, ફોઇલર સ્પ્રે અને કીટક નિયંત્રણ ઉત્પાદનો માટેના ઇનપુટ

☐ Documentation of organic seedlings: સજીવ ધરૂની માહિતી

☐ Residue analyses of inputs (i.e., manure sourced off-farm) : ઇનપુટ્સના રેસીડ્યુ એનાલીસીસ રીપોર્ટ

☐ Compost production records : કોમ્પોસ્ટ ઉત્પાદન રેકોર્ડ

☐ Monitoring records (soil tests, tissue tests, water tests, quality tests, observations) :રેકોર્ડ મોનીટરીંગ

☐ Equipment cleaning records: ઓજારોની સફાઇ અંગેનો રેકોર્ડ

☐ Harvest records that show field numbers, date of harvest, and harvest amounts : કાપણી રેકોર્ડ, સર્વે નંબરવાર, તારીખવાર અને ઉત્પાદન

☐ Label records: લેબલ રેકોર્ડ

☐ Storage records that show storage location, storage identification, field numbers, and amounts stored, and cleaning activities: સંગ્રહીત માહિતિ કે જે સંગ્રહ સ્થળ, સંગ્રહની ઓળખ, ફીલ્ડ નંબર કે જેમાં સંગ્રહ કરેલ છે તે, સંગ્રહિત જથ્થો અને સાફસુફીની વિગતો દર્શાવે છે.

☐ Clean transport records: પરિવહનના વાહનોની સફાઇની માહિતિ.

☐ Sales records (purchase order, contract, invoice, cash receipts, cash receipt journal, sales journal, etc.): વેચાણની માહિતિ.( ખરીદી ઓર્ડર, કરાર, બીલ, રોકડ પાવતીઓ, રોકડ પાવતી રજીસ્ટર, વેચાણ રજીસ્ટર વિગેરે.)

☐Shipping records (scale ticket, dump station ticket, bill of lading): દરિયાઇ પરિવહન માહિતિ

☐Transaction Certificates: ટ્રાન્ઝેક્શન પ્રમાણપત્ર

☐ Audit control summary

☐ Complaint log

☐ Other (please specify)



**Which of the following records do you keep for *conventional* production?બીનસજીવ ખેતી પધ્ધતિ માટે નીચે પૈકી કઇ મહિતિની જાળવણી કરેલ છે.**☐Not applicable:લાગુ પડતુ નથી.

☐ Field maps: ફાર્મનો નકશો ☐ labor records: મજુર રેકર્ડ ☐ input records: ઇનપુટ રેકર્ડ

☐ harvest records: કાપણી રેકર્ડ☐ Field history sheets: ફાર્મની પાછલી વિગતો☐ storage records: સંગ્રહની માહિતિ☐ sales records: વેચાણની માહિતિ☐transport records: ટ્રાન્સપોર્ટ માહિતિ

☐ Other (specify): અન્ય (વિગતે દર્શાવો)

**4. Marketing Activities:**વેચાણ પ્રવૃતિ

**Type of Marketing you plan to do: તમે નક્કી કરેલ વેચાણનો પ્રકાર**

☐Farmers market**:** ખેત ઉત્પન્ન બજાર☐ direct to retail**:** છુટક વેચાણ☐subscription service**:**

☐ wholesale**:** જથ્થાબંધ☐ on-farm retail**:** ફાર્મ પરથી સીધુ વેચાણ☐Bulk commodities to processor**:**☐

contract with buyer**:** ખરીદનાર સાથેનો કરાર☐other (specify)**:** અન્ય (વિગતે દર્શાવો)

**Do you plan to use the "India Organic" seal on product labels or market information? :** ઉત્પાદન લેબલ ઉપર અથવા વેચાણ અંગેની માહિતિમાં **"India Organic"** નો લોગો વાપરવાનો ઇરાદો છે?

☐Yes ☐ No

**Do you plantouseGOPCASeal on product labels ormarket information?:**ઉત્પાદનલેબલ ઉપર અથવા વેચાણ અંગેની માહિતિમાં **"GOPCA"** નો લોગો વાપરવાનો ઇરાદો છે?☐Yes ☐ No

*Attach copies of all organicproduct labels.*

**5.** Affirmationપ્રતિજ્ઞાપત્ર

I affirmthat all the statements made in this application are true and correct. No prohibited products have been applied to any of the organically managed fields during the three yearperiodprior to projected harvest. I understand that my farm/operation may be subjected toinspection and/or samplingfor residues at any time to ensurecompliance with NPOP program and NSOP standards. I agree to provide further informationasrequired by GOPCA during and after inspection.:આ અરજીપત્રકમાં જણાવેલ તમામ માહિતિ ચોક્કસ અને સત્ય છે. નિર્ધારીત કાપણી પૂર્વેના ત્રણ વર્ષ દરમ્યાન જૈવિક નિયંત્રણ હેઠળના કોઇપણ ક્ષેત્ર(ફાર્મ)માં પ્રતિબંધિત ચીજવસ્તુ કે પદ્ધતિનો ઉપયોગ



કરવામાં આવેલ નથી.હૂં જાણું છું કે કોઇપણ સમયે મારૂ ફાર્મ, કાર્યપદ્ધતિ કે ઉત્પાદન NPOP પ્રોગ્રામ અને NSOPના ધારાધોરણના અનુપાલનની સુનિસ્ચિતતા માટે નિરીક્ષણ અને નમુના લેવાની કાર્યવાહીને અધિનકૃત છે. હૂં ખાત્રી આપું છું કે GOPACAને નિરીક્ષણ દરમ્યાન કે નિરીક્ષણ બાદ જરૂરી તમામ માહિતિ પૂરી પાડીશ.

Name &Signature of Operator(સંચાલકનૂં નામ અને સહી) Date (તારીખ)____________________

**The following documents must be submitted aspart of your application:**અરજીપત્રક સાથે નીચે જણાવેલ દસ્તાવેજો જોડવાના રહેશે.

☐ Overall Farm Map ફાર્મનો નકશો

☐ Maps of all parcels/fields (showing adjoining land use and field identification) તમામ ક્ષેત્રિય વિભાગોના નકશા (આજુબાજુની જમીન અને ક્ષેત્રોના નકશા અને ઓળખ દર્શાવે તે મુજબ )

☐ Field history sheets (ક્ષેત્રીય ઇતિહાસપત્રક(માહિતિપત્રક) )

☐ Documentation for fields owned or rented for less than three years, if applicable(ક્ષેત્રના માલિકિ કે ભાડા અંગેના ત્રણ વર્ષના દસ્તાવેજોની વિગત)

☐ Directions to reach your farm( તમારા ફાર્મ સુધી પહોંચવાનું માર્ગદર્શન)

☐ Samples of your recordkeeping system( તમારી માહિતિનોંધણી પદ્ધતિના નમુના)

**I have attached the following documents**( મેં નીચે મુજબના દસ્તાવેજો સામેલ રાખેલ છે.)

☐ Water test report જળ તપાસણી પત્રક

☐Soil and/or plant tissue tests report જમીન અને/અથવા છોડના તપાસણી પત્રક

☐ Residue analyses report અવશેષ પૃથ્થકરણ પત્રક

☐ Input product labels, if applicableવપરાશી ચીજવસ્તુની ઓળખપત્રિકા(લેબલ)

☐ Organic product labels, if applicable જૈવિક ચીજવસ્તુની ઓળખપત્રિકા(લેબલ)



**પરિશિષ્ટઃ ૬બ**

**સેન્દ્રીય ખેતી માટે જરુરી સામગ્રી ઉપર સહાય મેળવવાનો અરજીનો નમુનો**

**ભાગ -૧**

અરજદારનું નામઃ-
ગામઃ -
તારીખઃ -
મોબાઇલ નંબર

પ્રતિ,
નિયામકશ્રી ,
ગુજરાત ઓર્ગેનીક પ્રોડકટસ સર્ટેફિકેશન એજન્સી (ગોપકા)
શ્યામલ સચાર રસ્તા પાસે ,સેટેલાઇટ ,અમદાવાદ

**ઓર્ગેનિક સર્ટીફીકેશન રજીનંબર .______**

વિષયઃ -સહાય યોજનામાં .................. મેળવવા મંજુરી આપવા બાબત (ઘટકનું નામ)

.સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ________________ગામઃ____________તાલુકો-_________ જિલ્લો-___________નો રહેવાસી અનુ . .જાતિ/અનુ.જનજાતિ/અન્યજાતિનો મોટો/નાનો/સિમાંત ખેડૂત છું. મેં અપેડા માન્ય _________ સંસ્થામાં સેન્દ્રીય

ખેતી માટે__________ ના રોજ રજીસ્ટ્રેશન કરાવેલ છે અને તેનો નંબર __________ છે .હું ખાતા નંબર_________________ થી હે. _____________આર_________જમીનધરાવું છું. અને મારો બારકોડેડ રેશનકાર્ડ નં ._________ છે. તેમજ ________________બેંકમાં ખાતા નંબર __________ છે.

હું સેન્દ્રીય ખેતી માટે અપેડા માન્ય -----------------સંસ્થા દ્વારા અપાયેલ સ્કોપ સ્ટીફિકેટ આ સાથે સામેલ રાખી મોકલી આપું છું જે ધ્યાને લઇ મને સહાયના નાણાં ચૂકવવા વિનંતી છે.

સેન્દ્રીય ખેતી માટે ધીરાણ લીધેલ છે : . હા / ના

હું ખાતરી આપુ છું કે સમાન પ્રકારના ઘટક માટે અગાઉ મેં સરકારશ્રીની યોજના હેઠળ કોઇ સહાય મેળવેલ નથી.

ખેડૂતની સહી/અંગુઠાનું નિશાન:___________________

સામેલ:

(૧)અનુ. .જાતિ/અનુ.જનજાતિ(નું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)

(૨) I-Khedut Portal સિવાય અરજી કરેલ હોય તો ૮-અની નકલ

(૩)બેંક પાસબુકની નકલ અને રદ કરેલ ચેક

(૪) સેન્દ્રીય ખેતી સ્કોપ સર્ટીફીકેટ

## પરિશિષ્ટઃ ૬ અ

## સેન્દ્રીય ખેતી માટે રજીસ્ટ્રેશન / ઇન્સ્પેકશન / સર્ટીફિકેશન ફીના વળતર મેળવવા માટેની અરજીનો નમૂનો

**ભાગ-૧**

અરજદારનું નામઃ-

ગામઃ -

તારીખઃ -

મોબાઇલ નંબર

પ્રતિ,

નિયામકશ્રી ,

ગુજરાત ઓર્ગેનીક પ્રોડકટસ સર્ટેફિકેશન એજન્સી (ગોપકા)

શ્યામલ સચાર રસ્તા પાસે ,સેટેલાઇટ ,અમદાવાદ

વિષયઃ-**સેન્દ્રીય ખેતી માટે રજીસ્ટ્રેશન / ઇન્સ્પેકશન / સર્ટીફિકેશન ફીના વળતર બાબત**

. સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ________________ગામઃ____________તાલુકો-_________ જિલ્લો-___________નો રહેવાસી અનુ . .જાતિ/અનુ.જનજાતિ/અન્યજાતિનો મોટો/નાનો/સિમાંત ખેડૂત છું .હું ખાતા નંબર________________ થી હે. ____________આર________જમીન------------------- ગામ------------- તાલુકામાં ધરાવું છું. અને મારો બારકોડેડ રેશનકાર્ડ નં .________ છે. તેમજ _______________બેંકમાં ખાતા નંબર _________ છે. અનેહું --- -----------------ના પાક માટે ચાલુ વર્ષે સેન્દ્રીય ખેતી કરવા માગું છું. મે અપેડા માન્ય ---------- સંસ્થામાં સેંદ્રિય ખેતી માટે -------------------ના રોજ રજીસ્ટ્રેશના કરાવેલ છે. અને તેનો નંબર----------છે.

મે સેન્દ્રીય ખેતી માટે રજીસ્ટ્રેશન ફી :--------------/ ઇન્સ્પેકશન ફી------------------- / **સર્ટીફિકેશન** ફી :----------- ભરેલ છે. તો તેમાં નિયમોનુસાર વળતર આપવા નમ્ર વિનંતિ છે.

હું ખાતરી આપુ છું કે સમાન પ્રકારના ઘટક માટે અગાઉ મેં સરકારશ્રીની યોજના હેઠળ કોઇ સહાય મેળવેલ નથી.

ખેડૂતની સહી/અંગુઠાનું નિશાનઃ_________________

સામેલઃ

(૧)અનુ. .જાતિ/અનુ.જનજાતિ(નું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)

(૨) I-Khedut Portal સિવાય અરજી કરેલ હોય તો ૮-અની નકલ

(3)બેંક પાસબુકની નકલ અને રદ કરેલ ચેક

(૪) સેન્દ્રીય ખેતી રજીસ્ટ્રેશન /ઇન્સ્પેકશન / સર્ટીફિકેશન ફી ભર્યાની પહોંચ

(૫) સેન્દ્રીય ખેતી સ્કોપ સર્ટીફીકેટ

## ભાગ -૨

## સંબંધિત અધિકારીનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ________________________ગામઃ_____________તાલુકો-_________ જિલ્લો-___________ના સિમાંત/નાનો/મોટો ખેડૂત ખાતેદાર છે તેમના ખાતા નંબરથી_________ હે જમીન ધરાવે છે. તેમને સેન્દ્રીય ખેતી યોજનામાં સહાયથી મેળવવા________ ઘટક માટે પાત્રતા ધરાવે છે/ ધરાવતા નથી

સ્થળઃ -

તાઃ / /૨૦૧૬સક્ષમ અધિકારી

તાલુકો__________જિ. _______

**<u>ભાગ-૩</u>**

## <u>પૂર્વ મંજુરી નો હુકમ</u> (ઓફીસ કોપ)

આથી શ્રી ___________________________ગામઃ______________તાલુકો-__________ જિલ્લો-_______ ની સેન્દ્રીય ખેતીની )૨ (યોજનામાં________ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી/ સેન્દ્રીય ખેતીના રજીસ્ટ્રેશન ફી માટે વળતર મેળવવાની અરજીની સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુસાર યોજનાકીય સહાય ઘટક માટેની પૂર્વ મંજુરી / મંજુરી આપવામાં આવે છે/ ના મંજુર કરવામાં આવે છે .આગળની કાર્યવાહીઆ સાથે સામેલમાર્ગદર્શિકા મુજબ કરવાની રહેશે .

સ્થળઃ -

તાઃ / /૨૦૧૬ સક્ષમ અધિકારી

તાલુકો__________જિ. _______

**<u>ભાગ-૪</u>**

## મળેલ ઇનપુટ/સાધનની વિગત

| ઇનપુટની વિગત | જથ્થો | બીલ નંબર અને તારીખ | સામગ્રી જ્યાંથી મેળવેલ છે તે સંસ્થાની વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |

<u>રૂબરૂ/ચકાસણી</u>

સક્ષમ અધિકારી,____________

તાલુકો-_____________જિલ્લો-_____________ ખેડૂતની સહી/અંગુઠાનું નિશાન

## ભાગ-૫

## યોજના હેઠળની સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ/હુકમ

આથી આદેશ કરવામાં આવે છે કે શ્રી ______________________ગામઃ____________ તાલુકો-.________ જિલ્લો-__________સેન્દ્રીય ખેતી યોજનામાં ____________ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુસાર યોજનાકીય સહાય રૂ.____________અંકે રૂપીયા ____________ મંજુર કરવામાં આવે છે.આ રકમ લાભાર્થીનાં ____________બેંકમાં એકાઉન્ટ નંબર ____________માં____________કચેરીએ સદર હું રકમ જમા કરાવવાની રહેશે.

સ્થળઃ -

તાઃ / /૨૦૧૫

સક્ષમ અધિકારી

તાલુકો__________જિ. _______

## પરિશિષ્ટ-૭

## સેંદ્રિય ખેતી યોજના હેઠળ વિવિધ ઘટકોમાં લાભ મેળવવાની યોજનાની અમલીકરણ પધ્ધતિ

**(અ) વ્યકિતગત લાભાર્થી લક્ષી અને લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાય ચુકવવાના ઘટકો અમલીકરણ માટે ની કાર્યપધ્ધતિ**

આ કાર્યપધ્ધતિ હેઠળ આવરી લેવાયેલ ઘટકો જેવાકે વર્મીકંપોસ્ટ

### (૧) અરજીઓ મેળવાવની પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૧)

(ક) iKhedut પોર્ટલ ઉપર રજીટર્ડ થયેલા ખેડૂતો પોતાની બાયોમેટ્રીક ઓળખના આધારે ઓનલાઇન અરજીઓ કરી, પ્રીન્ટઆઉટ મેળવી , સહી/અંગુઠો કરી (અનુસુચિત જાતી / અનુસુચિત જનજાતીના અરજદારે જાતીના દાખલા સહ) સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે.

(ખ) અન્યથા અરજદારે નિયત નમુનામાં સબંધિત કચેરી ખાતે અરજી (અનુસુચિત જાતી / અનુસુચિત જનજાતીના અરજદારે જાતીના દાખલા સહ) રજુ કરવાની થશે. કચેરીના અધિકૃત કર્મચારી/અધિકારીએ તા. ૨૦.૨.૨૦૧૪ના ઠરાવ કમાંકઃપરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ iKhedut પોર્ટલ પર પોતાના લોગઇન એકાઉન્ટ માંથી ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

### (૨) અરજીઓની ચકાસણી અંગેની કાર્ય પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૨)

સબંધિત કચેરીના જવાબદાર કર્મચારી/અધિકારીએ પ્રિન્ટ થયેલી ઓનલાઇન કે રૂબરૂમાં મળેલ અરજીઓની યોજનાની જોગવાઇઓ અનુસાર ચકાસણી કરી દરેક અરજીપત્રક ની પાત્રતા / બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદનુસાર iKhedut પોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

### (3) અરજીઓની મંજુરીઅંગેની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-3)

કુલ પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી ઓનલાઇન થયાની તારીખ મુજબનો તાલુકાવાર અગ્રતાક્રમ ધરાવતી અરજીઓના લક્ષ્યાંકની મર્યાદામાં લાભાર્થી સીલેક્ટ કરી, ઉપરોક્ત તા.૧૮/૧૦/૨૦૧૧ ના પરિપત્રમાં સુચવેલ પધ્ધતિ અનુસાર સક્ષમ અધિકારીએ મંજુર કરવાની રહેશે. ત્યારબાદ ikhedut પોર્ટલમાં મંજુર કરનાર અધિકારી/કર્મચારીના લોગઇન એકાઉન્ટમાં અરજી મંજુર કર્યાની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

### (૪) મંજુર થયેલ કેસોની સબંધિત અરજદારોને જાણકારી આપવા અને ઇનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત (અરજી પત્રકના ભાગ-૪)

યોજના હેઠળના ઘટક માટે મંજુર કરાયેલ અરજીઓની સબંધિત અરજદારોને તેઓના સરનામે લેખીત/ઉપરાંત જ્યાં શક્ય હોય ત્યાં એસએમએસ (sms) /ઇ-મેઇલ થી પણ જાણ કરવાની રહેશે. જે ઘટકો માટે રાજય સરકારે ઉત્પાદકો/ વેન્ડર ને એમ્પેનલ કરેલ છે તેમાં લાભાર્થીએ તેઓની પસંદગી અનુસાર ઘટકના મોડલની એમ્પેનલ મેન્યુફેકસરર / વેન્ડરના ઓથોરાઈઝડ ડીલર પાસેથી ખરીદી કરી તે અંગેના જરુરી આધાર પુરાવા કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે દિન-30 માં રજુ

કરવાના રહેશે. **આ માટે કચેરીના જવાબદાર અધિકારીએ ગામડામાં કેમ્પ ગોઠવી ચકાસણી/ખાત્રીની કાર્યવાહી હાથ ધરશે.** ત્યારબાદ જવાબદાર અધિકારીએ ikhedutપોર્ટલ ઉપર પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(પ) ઘટક ખરીદી માટે સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-પ)**

યોજના હેઠળના ઘટક દીઠ મંજુર થયેલા તેમજ નિયમોનુંસાર ઘટકની ચીજ વસ્તુ ની ખરીદી બાદ સબંધીત અરજદારની અરજી પત્રકના ભાગ-પ માં મંજુરી આપી સક્ષમ અધિકારી એ ikhedutપોર્ટલ ઉપર પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટ ની એન્ટ્રી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદીના ikhedutપોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જયાં લાગુ પડતા હોય ત્યાં જિલ્લા કક્ષાના અધિકારી મારફતે સબંધિત જિલ્લા/તાલુકા પંચાયત/ નોડલ એજન્સીને મોકલવાનો રહેશે કે જેથી અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS (Electronic Clearance Service)/ RTGS (Real Time Gross Settlement) /એકાઉન્ટ પે ચેક થી લાભાર્થીના ખાતામાં ચુકવણી કરી શકે.

<u>**પરિશિષ્ટ-૭**</u>

<u>**ભાગ-૧ (અરજીનો નમુનો )**</u>

અરજદારનું નામઃ-

ગામઃ-

તારીખઃ-

પ્રતિ,

તાલુકા અમલીકરણ અધિકારી,

તાલુકા પંચાયત,________________, જિલ્લો-___________

**વિષયઃ- સહાય યોજનામાં ________________ (ઘટકનું નામ) મેળવવા મંજુરી આપવા બાબત.**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ________________ ગામઃ____________તાલુકો-_________ જિલ્લો-___________નો રહેવાસી અને અનુ. જાતી/અનુ. જનજાતી/અન્ય જાતીનો સિમાંત/નાનો/મોટો ખેડૂત છું. હું ખાતા નંબર________________થી હે. _______________આર________________જમીન ધરાવું છું અને મારો બારકોડેડ રેશન કાર્ડ નં. _________________ છે. તેમજ ___________________બેંકમાં ખાતાનંબર ________________ ધરાવું છું. મારો મોબાઇલ નં ___________________ છે. મે સમાન હેતુંના ________________ઘટક માટે આ યોજના કે સરકારશ્રીની કોઇપણ અન્ય યોજના હેઠળ અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય લીધેલ નથી તે અંગેની હું ખાત્રી આપુ છું. તો ઉપરોકત વિગતવાળા ઘટકની ખરીદ કરવાની મંજુરી આપવા નમ્ર વિનંતિ છે

ખેડૂતની સહી/અંગુઠો ________________

**સામેલઃ**

**(૧) અનુ જાતિ/અનુ જનજાતિનું પ્રમાણપત્ર(લાગુ પડતું હોય તો.)**

(૨) ikhedut Portal સિવાય અરજી કરેલ હોય તો ૮-અ ની નકલ

(૩) બેંક પાસબુકની નકલઅને રદ કરેલ ચેક

**ભાગ-૨ (ગ્રામસેવકનું પ્રમાણપત્ર)**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ________________________ગામઃ____________તાલુકો-__________ જિલ્લો-____________ના સિમાંત/નાનો/મોટો ખેડૂત ખાતેદાર છે તેમના ખાતા નંબરથી____________ હે. આર. જમીન ધરાવે છે. તેમને એજીઆર (   ) યોજનામાં સહાયથી મેળવવા____________ ઘટક માટે પાત્રતા ધરાવે છે/ધરાવતા નથી

સ્થળઃ-

તાઃ   /   /

ગ્રામસેવક

સેજોઃ- ________ તાલુકો__________જિ. _______

**ભાગ-૩ (મંજુરી નો હુકમ )(ઓફીસ કોપી)**

આથી શ્રી ________________________ગામઃ____________તાલુકો-__________ જિલ્લો-____________ એજીઆર (   ) યોજનામાં ________ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા

હોઇ નિયમોનુંસાર યોજનાકીય સહાય ઘટકમાટે મંજુર/નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે. આગળની કાર્યવાહી સામેલ માર્ગદર્શિકા મુજબ કરવાની રહેશે.

સ્થળઃ-

તાઃ / /

સક્ષમ અધિકારી વિસ્તરણ અધિકારી/ એટીવીટી અધિકારી/જિખેઅ

તાલુકો__________જિ. _______

<u>ભાગ-૪ (મળેલ ઇનપુટ/સાધનની વિગત)</u>

| ઇનપુટની વિગત | જથ્થો | બીલ નંબર અને તારીખ | સામગ્રી જ્યાંથી મેળવેલ છે તે સંસ્થાની વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |

<u>રૂબરૂ</u>

વિસ્તરણ અધિકારી/ગ્રામસેવક,____________સેજો

તાલુકો-_____________જિલ્લો-____________ ખેડૂતનીસહી/અંગુઠો

## ભાગ-૫ (યોજના હેઠળની સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ/હુંકમ)

આથી આદેશ કરવામાં આવે છે કે શ્રી ________________________ગામઃ__________તાલુકો-________ જિલ્લો- __________ એજીઆર ( ) યોજનામાં ______ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુંસાર યોજનાકીય સહાય રૂ. ________ અંકે રૂપીયા ______________મંજુર કરવામાં આવે છે. આ રકમ લાભાર્થીનાં.................................................. બેંકમાં એકાઉન્ટ નંબર.......................................... માં જમા કરાવવાની રહેશે.

સ્થળઃ-

તાઃ / /

તાલુકા અમલીકરણ અધિકારી/જિખેઅ

તાલુકો________જિ. ______

(બ) વ્યક્તીગત લાભર્થીલક્ષી – એટસોર્સ સહાય હેઠ્ળના ઘટકો માટે

દા.ત. બીજ નિગમ/ગુજરાત અગ્રો ઇન્ડ્સ્ટ્રીજ લિ.ના અધિકૃત ડીલરો પાસેથી મેળવવાના થતા ઘટકો વગેરે

(૧) પૂર્વ મંજુરી મેળવી ઘટક ના લાભ મેળવવાની કાર્યપધ્ધતિ

(ક) I – khedut પોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલ ખેડ્તોએ પોતપોતાની બાયોમેટ્રીક ઓળખ આધારે ઓનલાઇન અરજી કરી બીજ નિગમ/ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ના પસંદગીના અધિકૃત વિક્રેતાના નામે ઓનલાઇન મંજુરીપત્ર પ્રિન્ટ કરાવવાનુ રહેશે.

(ખ) અન્યથા અરજદાર નિયત નમૂનામાં સંબધિત કચેરી ખાતે અરજી રજુ કરવાની રહેશે. કચેરી ના અધિકૃત અધિકારી/ કર્મચારીએ તા. ૨૦/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક :પરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ દિન ૨ માં I – khedut પોર્ટલ એકાઉંટ માં પોતાના લોગઇન એકાઉંટમાં અરજીની ઓનલાઇન નોધની કરવાની રહેશે અને અરજદારની

પસંદગીના ગુજરાત રાજ્ય બીજ નિગમ / ગુજરાત એગ્રો ઇંન્ડસ્ટ્રીઝ કોપોરેશના અધિકૃત ડીલરના નામની પ્રિન્ટ આઉટ કાઢી અરજદારને મોકલી આપવાની રહેશે.

(ગ) એટ સોર્સ સહાય હેઠળના ઘટકો ખરીદવાની પધ્ધતિ

અરજદારે નિયત સમય મર્યાદા માં ડીલરના નામે મંજુરી પત્ર કઢાવેલ છે તે મંજુરીપત્રની એક નકલ રજુ કરી રાહતદર મુજબ ઇનપૂટ/ સાધન સામગ્રી નિયત સમય મર્યાદામાં ખરીદી શકાશે. બિજ નિગમ/ ગુજરાત એગ્રોના અધિકૃત ડીલરે I – khedut પોર્ટલમાં તેઓના લોગઇન એકાઉંન્ટમાં મંજુરીપત્ર નંબર , બીલ નંબર, તારીખ વગેરેની દિવસ ૨ માં ઓનલાઇન નોધણી કરવાની રહેશે.

(૨) પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય ઘટક ના લાભ મેળવનાર લાભર્થીઓ માટેની કાર્યપધ્ધતિ

સેંદ્રિય ખેતી અંગે રાજીસ્ટ્રેશન અને સર્ટીફિકેશનની સાહાયનો અમલ ગોપકા દ્વારા કરવામાં આવશે. ગોપકામાં સીધુ રજીસ્ટ્રેશન અને સર્ટીફીકેશન અટ્સોર્સ સહાયના ધોરણે કરશે.

(૩) ગુજ.એગ્રો/સીડ કોર્પોરેશન વગેરેના અધિકૃત વિકેતાઓએ એટ્સોર્સ સહાયવાળા ઘટકોનું વેચાણ કરેલ છે તેઓ I khedut પોર્ટલમાં પોત પોતાના લોગીન એકાઉંન્ટ થકી પ્રિંટ આઉટ કઢાવી સંબધિત કચેરી ખાતે રજુ કરવાનું રહેશે. સક્ષમ અધિકારીએ લાભાર્થીઓના સહાય ક્લઇમ મળેલ છે. તે અંગે યોગ્ય ચકાસણી કરી પ્રમાણપત્ર આપી સહી/ સિક્કા સાથે ચુકવણા માટે સંબધિત નોડલ એજંન્સી ને મોકલવાના રહેશે.

(૪) <u>કબુલાતનામુ</u>

અમો શ્રી................................................ ગામ ................................તા...........................જિ..........................ના અનુસુચિત જાતિના સીમાંત /નાના/મોટા/સ્ત્રી/પુરુષ/ખેડૂત છીએ અને ૮-અ પ્રમાણે ખાતા નંબર ......................ગામ ..........................તાલુકા.......................ખાતે.......................હેકટર જમીન ધરાવીએ છીએ. વર્ષ ૨૦૧૫-૧૬માં એટસોર્સ સહાયના ઘટક................માં મે આ અગાઉ અન્ય કોઇ ડીલર કે આપની પાસેથી સહાય મેળવેલ નથી તેની કબુલાત આપુ છુ. જો અમારા દ્વારા નીતી નિયમો કરતાં વધારે જથ્થો મેળવવામાં આવેલ હશે તો તેની થતી સહાયની રકમ ભરપાઇ કરવા અમે બંધાયેલ છીએ.

તા................................ ખેડૂતની સહી................................

સ્થળ :.......................

પરિશિષ્ટ -૮

## (ક) વ્યકિતગત લાભાર્થી સિવાયના ઘટકો માટે

દા.ત. ક્ષેત્રીય નિદર્શન,પ્રદર્શન ,શીબીર,ખેડૂત પ્રવાસ વગેરે

ઉપરોકત ઘટકની અમલવારી કર્યાબાદ સક્ષમ સત્તાધિકારીએ ikhedut પોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટ થકી કરેલ કામગીરીની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે. ત્યારબાદ ઉપરોકત કામગીરીના ઓફીસ ઓર્ડર કરી પ્રિન્ટ આઉટ કઢાવી પ્રમાણપત્ર સહ ચુકવણી માટે સબંધિત જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/ સબંધિત નોડલ એજન્સીને મોકલવાનું રહેશે

---